**સ્મૃતિપત્ર-2**
રજિસ્ટર પોસ્ટ

ક્રમાંક:-મઉમશબ/સંશોધન/2022/100412-471
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. 08/09/2022

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
A-3, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ,
સુરત - 395001.

વિષય:- CBSE માંથી ધોરણ-10 માંથી Mathematic Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓને ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડની માન્યતા ધરાવતી શાળામાં ધોરણ-11 (વિ.પ્ર) માં પ્રવેશ આપવા બાબત.

સંદર્ભ:-
(1) ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડનો પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/ 2020/ 2083-2116, તા.11/08/2020
(2) ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડનો પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/ 2020/2228-62, તા.21/08/2020
(3) શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગરનો ઠરાવ ક્રમાંક:મશબ/1119/857/છ, તા.14/07/2021
(4) ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડનો પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/ 4177-4211, તા.02/09/2021
(5) ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડનો પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/ 4431-67, તા.13/09/2021
(6) ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડની તા.15/09/2021 ના કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક/1058/2021.
(7) ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડનો પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/ 4583-4620, તા.23/09/2021
**(8)** આપનો પત્રક્રમાંક: જાવક નં/મા-1/(બોર્ડપરીક્ષા)/2021/14911 **તા.29/10/2021**
(9) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/2021/7391-7410 તા.28/12/2021
(10) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધજ/2022/3708-29 તા.04/06/2022 (સ્મૃતિપત્ર-1)

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે CBSE માંથી ધોરણ-10 માંથી Mathematic Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળામાં ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ આપી શકાય નહિ તે મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યના તમામ જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓને સંદર્ભ-(1) દર્શિત તા.11/08/2020 ના પરિપત્ર દ્વારા જાણ કરવામાં આવેલ હતી તેમ છતાં શૈક્ષણિક વર્ષ:2020-21 માં કેટલીક શાળાઓ દ્વારા બોર્ડના પરિપત્રોની અવગણના કરીને ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહમાં શૈક્ષણિક વર્ષ:2020-21 માં પ્રવેશ આપવામાં આવેલ હતો. શૈક્ષણિક વર્ષ:2021-22 માં સંદર્ભ-(4) દર્શિત અત્રેના તા.02/09/2021 ના પત્રથી જણાવેલ હતું કે જે વિદ્યાર્થીઓએ CBSE બોર્ડમાંથી ધોરણ-10 માંથી Mathematics Basic સાથે અભ્યાસ કરેલ

વિદ્યાર્થીને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ આપી શકાશે નહિ. ત્યાર બાદ બોર્ડને મળેલ રજૂઆતો અન્વયે સંદર્ભ-(5) દર્શિત અત્રેના તા.13/9/2021 ના પત્ર અન્વયે કોવિડ-19 પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઇને શૈક્ષણિક વર્ષ:2021-22 પુરતું જ ધોરણ-11 (વિજ્ઞાન પ્રવાહ)માં માત્ર 'B' ગૃપમાં પ્રવેશ મેળવી શકશે તેમ જણાવેલ હતું.

ઉક્ત વિગતે સંદર્ભ-(1) અને સંદર્ભ-(2) અને સંદર્ભ-(4) દર્શિત અત્રેના પત્રોથી સ્પષ્ટતા કરવામાં આવેલ હોવા છતાં કેટલીક શાળાઓ દ્વારા ઉક્ત પરિપત્રોની જોગવાઇનું ઉલ્લંઘન કરીને CBSE બોર્ડમાંથી ધોરણ-10 માંથી Mathematics Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં શૈક્ષણિક વર્ષ:2021-22 માં ધોરણ-11 (વિજ્ઞાન પ્રવાહ) માં પ્રવેશ આપવામાં આવેલ છે. જે બાબત બિલકુલ અયોગ્ય છે. જે અંગેની બાબત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની તા.15/09/2021 ની કારોબારી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવેલ હતી. બોર્ડની કારોબારી સમિતિ દ્વારા ઠરાવ ક્રમાંક:1058/2021 થી નીચે મુજબના નિર્ણય કરવામાં આવેલ છે.

(1) CBSE બોર્ડમાંથી Mathematic Basic સાથે ધોરણ-10 પાસ કરનાર જે વિદ્યાર્થીઓને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓ દ્વારા શૈક્ષણિક વર્ષ:2021-22 માં ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહમાં A-ગૃપમાં તા.13/09/2021 પહેલા પ્રવેશ આપવામાં આવેલ હોય તેવા વિદ્યાર્થીઓએ પણ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-10 ની ગણિત વિષયની પરીક્ષા ઉતીર્ણ કરવાની રહેશે. બોર્ડ દ્વારા જુલાઇ-2021 માં લેવામાં આવેલ પરીક્ષાના પ્રશ્નપત્ર પરિરૂપ મુજબ આ પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવશે. આ પરીક્ષા ઉતીર્ણ કરે તો જ આવા વિદ્યાર્થીઓના પ્રવેશ માન્ય રાખવામાં આવશે.

(2) જે શાળાઓ દ્વારા બોર્ડના ઉક્ત પરિપત્રોની જોગવાઇઓને ધ્યાને લીધા સિવાય વિદ્યાર્થીઓને પ્રવેશ આપેલ હોય તેવી શાળાના આચાર્યશ્રીએ તેઓના બેંક એકાઉન્ટમાંથી અંગત રીતે વિદ્યાર્થી દીઠ રૂ. 5000/- દંડની રકમ બોર્ડમાં સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના નામના ડિમાન્ડ ડ્રાફ્ટથી જમા કરાવવાની રહેશે.

CBSE માંથી ધોરણ-10 માંથી Mathematic Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓને ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહમાં તા.13/09/2021 પહેલાં પ્રવેશ આપવામાં આવેલ હોય તેની માહિતી સંદર્ભ-(5) દર્શિત પત્ર તેમજ સંદર્ભ-(7) દર્શિત પત્રથી રાજ્યના તમામ જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓ પાસેથી અત્રેની કચેરી દ્વારા માહિતી માંગવામાં આવેલ હતી.

અત્રેની કચેરીના સંદર્ભ-(5) અને સંદર્ભ-(7) દર્શિત પત્રો અન્વયે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા CBSE માંથી ધોરણ-10 માંથી Mathematic Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓને ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહમાં તા.13/09/2021 પહેલા પ્રવેશ આપવામાં આવેલ વિદ્યાર્થીઓની માહિતી અત્રેની કચેરીને સંદર્ભ દર્શિત પત્ર-8 થી મળેલ હતી.

ઉક્ત વિગત અન્વયે આપના જિલ્લામાં જે શાળાઓ ધ્વારા CBSE બોર્ડમાંથી ધોરણ-10 Mathematic Basic સાથે અભ્યાસ કરેલ વિદ્યાર્થીને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળામાં શૈક્ષણિક વર્ષ:2021-22 માં ધોરણ-11 વિજ્ઞાન પ્રવાહમાં તા.13/09/2021 પહેલા પ્રવેશ આપવામાં આવેલ હોય તેવી શાળાના આચાર્યશ્રીએ તેમના બેંક એકાઉન્ટમાંથી અંગત રીતે વિદ્યાર્થી દીઠ રૂ.5000/- (પાંચ હજાર) દંડની રકમ "સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર" ના નામના ડીમાન્ડ ડ્રાફ્ટથી અત્રેની કચેરીની હિસાબી શાખામાં જમા કરાવવા બાબતે સંબંધિત શાળાઓના આચાર્યશ્રી દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવે તે માટે આપની કક્ષાએથી જરૂરી સૂચના આપવા અત્રેની કચેરીના

સંદર્ભદર્શિત પત્ર- 9 અને 10 થી જણાવવામાં આવેલ હતું પરંતુ શાળાઓ દ્વારા અત્રેની કચેરીને દંડની રકમ જમા કરવામાં આવેલ નથી તો ઉક્ત બાબતે આપની કક્ષાએથી ચકાસણી કરીને જે શાળાઓ દ્વારા હજુ સુધી દંડ ભરવામાં આવેલ નથી. તેવી શાળાઓના આચાર્યશ્રીઓને સત્વરે દંડની રકમ જમા કરાવવા માટે જરૂરી સૂચનાઓ આપશો.

( બી.એમ.સોલંકી )
સંયુકત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ સવિનય રવાના:-

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

નકલ રવાના:-

- હિસાબી અધિકારીશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર તરફ જાણ તથા યોગ્ય કાર્યવાહી સારું.

જા.નં. મા.શિ/૨૦૨૨/૬૯૭૦૮

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
સુરત. જિ. સુરત
તા. ૧/૧૦/૨૦૨૨

પ્રતિ,

આચાર્યશ્રી

તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ.

સુરત

District Education Officer
Surat. Dist. Surat.

| ક્રમ | શાળાનું નામ | આચાર્યનું નામ અને મોબાઈલ નંબર | ધોરણ-૧૧ (વિ.પ્ર.)માં પ્રવેશ આપેલ વિદ્યાર્થીઓના નામ | | પ્રવેશની તારીખ |
|---|---|---|---|---|---|
| | | | A' ગ્રુપ | B' ગ્રુપ | |
| 1 | સરસ્વતી વિધ્યાલય ઇંગ્લીશ મીડીયમ, એ.કે.રોડ, સુરત | નીશલ જાદવ ૮૮૬૬૪૭૦૦૧૧ | - | LADOLA YASHVI YOGESHBHAI<br>SAVALIYA ADITI DILIPBHAI<br>KAVATHIYA NUPUR BHARATBHAI<br>MANIYA SHREEYANSH HASMUKHBHAI<br>KATHROTIYA RUDRA AMITKUMAR | 15-06-21 |
| 2 | રીવરડેલ એકેડેમી અડાજણ, સુરત | સીધ્ધીબેન એસ ડોક્ટર ૯૬૦૧૨૭૨૯૮૦ | GURAJAPU SAMPAT SREE RAMAKRISHNA | - | 25-08-21 |
| 3 | એમ.જે.ભદ્દ સાર્વ.હાઈ.મોતા | યોગેશભાઈ વી.પટેલ ૯૮૭૯૭૭૨૪૫૧ | - | GAMIT PRANJALKUMARI MANSINGBHAI | 14-08-21 |
| 4 | ભૂલકા વિહાર સ્કુલ, ભાથા, સુરત | મીતા કે.વકીલ ૯૮૨૫૧૩૫૦૯૯ | - | PAREKH RAJVI VIRAL | 06-08-21 |
| 5 | પી.પી.સવાણી ચૈતન્ય વિદ્યાસંકુલ મોટા વરાછા-અબ્રામા રોડ, કામરેજ | પરેશભાઈ લાઠીયા ૯૯૦૯૯૯૧૦૩૬ | - | GAMIT RUTUL RAKESHBHAI<br>PAVAGADHI JAL HEMANTKUMAR<br>CHAUDHARI MAITRIKKUMAR NITESHBHAI | 07/06/2021<br>07/06/2021<br>08/07/2021 |
| 6 | આશાદીપ ઇન્ટરનેશનલ સ્કુલ પુણા રોડ, સુરત | તુષારભાઈ ૮૦૦૦૨૪૨૫૨૬ | - | SATASIYA YASHVI SUDHIR<br>KHALANWE MANS PRADIPBHAI<br>DOBARIYA TROOSHABEN PRAVINBHAI | 04/08/2021<br>07/08/2021<br>19/08/2021 |
| 7 | આશાદીપ ઇન્ટરનેશનલ સ્કુલ પુણા રોડ, સુરત | તુષારભાઈ ૮૦૦૦૨૪૨૫૨૬ | MASHRU DHRUVI SATISHBHAI | - | 22-06-20 |
| 8 | એમ.ટી.જરીવાલા મા.શાળા અઠવાલાઇન્સ, સુરત | કૃતિ પી.મહેતા ૯૮૨૪૧૭૯૯૮૦ | ANTYODAY JITENDRA PATIL | - | 15-09-21 |
| 9 | એમ.ટી.જરીવાલા મા.શાળા અઠવાલાઇન્સ, સુરત | કૃતિ પી.મહેતા ૯૮૨૪૧૭૯૯૮૦ | - | NEELKUMAR RAKESHBHAI GOHIL | 25-08-21 |
| 10 | SARDAR VALLABHBHAI PATEL SECONDARY SCHOOL PIPLOD, SURAT | R.K.INDUKAR 9426883787 | - | PRADHAN HIMANSHU KRISHNA | 04-08-21 |
| 11 | આર.ડી.ઘાએલ જીવનભારતી સ્કુલ, નાનપુરા, સુરત | PINKI J MALI | - | SOLANKI KRISHKUMAR SANJAYBHAI | 31-08-21 |
| 12 | વિદ્યાદીપ જુનીયર કોલેજ અનીતા, તા.ઓલપાડ | જીજ્ઞાશા ડી.દેસાઈ ૮૭૫૮૮૬૦૫૨૦ | - | JOGARYA SACHIN<br>CHAUDHRI PURVI<br>CHAUDHRI URVI<br>GAMIT PAYAL | 18/06/2021<br>06/09/2021<br>18/08/2021<br>16/08/2021 |

District Education Officer
Surat. Dist. Surat.